AHMEDABAD MUNICIPAL CORPORATION
MEDICAL EDUCATION TRUST - (A.M.C.MET)

AMC DENTAL COLLEGE

# એ.એમ.સી.ડેન્ટલ કોલેજ

## (એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત)

ભાલકીયા મીલ કંપાઉન્ડ, અનુપમ સિનેમા સામે, ખોખરા, અમદાવાદ-૩૮૦ ૦૦૮

## ટેન્ડર નં.૧૧૨/૨૦૨૪-૨૫

# ટેન્ડર ફોર્મ

**એ.એમ.સી. ડેન્ટલ કોલેજમાં આવેલ મેસ / કેન્ટીન ‘‘લીવ એન્ડ લાયસન્સ‘‘ કોન્ટ્રાકટથી ચલાવવા અંગેનું ટેન્ડર ફોર્મ**

**સૂચનાઓ :-**

- ટેન્ડર ફી : નીચે મુજબ (ફક્ત ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર દ્વારા - ટેન્ડરફોર્મ અને ટેક્નીકલ બીડ સાથે મુકવી)

| ક્રમ | સ્થળ | ટેન્ડર ફી |
|---|---|---|
| ૧. | એ.એમ.સી.ડેન્ટલ કોલેજ મેસ / કેન્ટીન | રૂા. ૨૫૦૦/- + ૧૮% જી.એસ.ટી. |

- અર્નેસ્ટ મની ડિપોઝીટઃ નીચે મુજબ (ફક્ત ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર દ્વારા - ટેન્ડર ફોર્મ અને ટેક્નીકલ બીડ સાથે મુકવી)

| ક્રમ | સ્થળ | અર્નેસ્ટ મની |
|---|---|---|
| ૧. | એ.એમ.સી.ડેન્ટલ કોલેજ મેસ /કેન્ટીન | રૂા. ૧૦,૦૦૦/- |

- ટેન્ડર ભરવા માટેની નીચેની પદ્ધતિનો ઉપયોગ કરવો.
    - પ્રથમ કવરમાં : (ફાયનાન્સીયલ બીડ મૂકવું નહિ)

        ૧. ટેન્ડર ફોર્મ, દરેક પાના પર સહી સિકકા સાથે
        ૨. ટેકનીકલ બીડ
        ૩. જરુરી દસ્તાવેજી પુરાવાઓ
        ૪. ટેન્ડર ફીનો ડ્રાફ્ટ
        ૫. અર્નેસ્ટમની ડીપોઝીટનો ડ્રાફ્ટ

ટેન્ડરરની સહી અને સિક્કો

- બીજા કવરમાં : ફાયનાન્સીયલ બીડ
- ત્રીજા કવરમાં : ઉપરોકત બંને કવરો મુકી કવરને સીલ કરવું તથા કવર પર જે જગ્યા માટેનું ટેન્ડરનું હોય તે જગ્યાનું નામ, ટેન્ડરરનું નામ-સરનામું-સંપર્ક માટેની વિગતો લખવી અને નીચે દર્શાવ્યા મુજબ ટેન્ડર મોકલવાના સરનામે રુબરુ અથવા રજીસ્ટર્ડ પોસ્ટથી જ જમા કરાવવું.

- સદર ટેન્ડર રજીસ્ટર સ્પીડ પોસ્ટથી/ રુબરુ મોકલવાનું રહેશે.
- આ ટેન્ડરમાં જો કોઈ જરુરી માહિતી ભરેલી ન હોય કે અધુરી માહિતી હશે તો ટેન્ડર રદ થયેલ ગણવામાં આવશે.
- ટેન્ડર ફોર્મમાં સહી વગરની વિગત ધ્યાનમાં લેવામાં આવશે નહિ. દરકે પાના પર જો ટેન્ડરર દ્વારા સહી સિકકા કરવામાં આવેલ નહી હોય તો ટેન્ડર રદ બાતલ ગણાશે.
- ટેન્ડર સાથે રજૂ કરવામાં આવતા તમામ દસ્તાવેજી પુરાવાઓ જેવા કે અગાઉના કરારના પત્રો, વર્ક ઓડરની નકલો, સંતોષકારક કામગીરી અંગેના સર્ટીફીકેટ, ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન, પ્રોફેશનલ ટેક્ષનું રજીસ્ટ્રેશન, નોંધણીના પ્રમાણપત્રો વગેરે પોતાની સહીથી સ્વયં પ્રમાણિત કરેલ હોવા જોઈશે અન્યથા  ધ્યાને લેવામાં આવશે નહિ.
- ટેન્ડરનો સ્વીકાર કરવો કે ન કરવો તેનો અધિકાર સેક્રેટરીશ્રી, એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટનો રહેશે.

## ટેન્ડર સબમીશન અંગેની વિગતો

| ક્રમ | ટેન્ડરનું નામ | ભરવાની છેલ્લી તારીખ અને સમય | ટેન્ડર મોકલવાનું સરનામું | ટેકનીકલ બીડ ખોલવાનો સમય અને તારીખ |
|---|---|---|---|---|
| ૧ | એ.એમ.સી.ડેન્ટલ કોલેજમાં આવેલ મેસ / કેન્ટીન લીવ એન્ડ લાયસન્સના ધોરણે ચલાવવા અંગે. | તા. ૦૯/૧૦/૨૦૨૪ સમય : સાંજે ૫:૦૦ વાગ્યા સુધી | એ.એમ.સી.ડેન્ટલ કોલેજ, ભાલકીયા મીલ કંપાઉન્ડ અનુપમ સિનેમા સામે, ખોખરા, અમદાવાદ-૩૮૦ ૦૦૮ | તા. ૧૫/૧૦/૨૦૨૪ સમય : બપોરે ૩:૦૦ વાગ્યે |

ટેન્ડરરનું નામ

તથા

સરનામું

સંપર્ક નં. :

ટેન્ડરરની સહી અને સિક્કો

**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**MEDICAL EDUCATION TRUST - (A.M.C.MET)**

**AMC DENTAL COLLEGE**

# એ.એમ.સી.ડેન્ટલ કોલેજ

ખોખરા, અમદાવાદ-૩૮૦ ૦૦૮

## (ટેકનીકલ બીડ)

૧) કોન્ટ્રાકટરનું પુરેપુરુ નામ :

૨) કોન્ટ્રાકટરનું પુરેપુરુ સરનામું :

૩) હાલનો વ્યવસાય અને વ્યવસાયનું સ્થળ :

૪) આ કામગીરીનો અનુભવ વર્ષમાં :

૫) કેન્ટીન / મેસમાં વેચાણ કરવા માટેની ચીજ વસ્તુઓ વજનનું એકમ તથા તેના દર

<u>વૈકલ્પિક - નાણાં ચૂકવીને ખરીદવાની ચીજવસ્તુઓનું ભાવપત્રક</u>

| અનું.નં. | વિગત | જથ્થો/પ્રમાણ | ભાવ પત્રક |
|---|---|---|---|
| ૧ | ચા-આખી | ૧૨૦ મીલી.લીટર | ૨૦ |
| ૨ | ચા-અડધી | ૬૦ મીલી.લીટર | ૧૦ |
| ૩ | કોફી-આખી | ૧૨૦ મીલી.લીટર | ૨૫ |
| ૪ | કોફી-અડધી | ૬૦ મીલી.લીટર | ૧૫ |
| ૫ | કોલ્ડ કોફી | ૧૨૦ મીલી.લીટર | ૫૦ |
| ૬ | ૧) ફરસાણ (દર પ્લેટના)<br>- બટાકા પૌંઆ - ગોટા<br>- બટાકાવડા<br>- કટલેસ<br>- સમોસા(૨ નંગ)<br>- મુઠીયા<br>- ખમણ - પાત્રા<br>- ખાંડવી<br>- સેવ ખમણી<br>- દાળવડા<br>- ઉપમા<br>- બટાકા/ડુંગળી ભજીયા | ૧૦૦ ગ્રામ (ચટણી સાથે) | દરેકના ૩૫ |

| | | | |
|---|---|---|---|
| | - ઈદડા<br>- ઢોકડા<br>-મેંદુવડા | | |
| ૭ | - ચણાપુરી<br>- સમોસા ચાટ<br>- સેવપુરી ચાટ<br>- કચોરી ચાટ<br>- બ્રેડ રોલ<br>- બ્રેડ પકોડા<br>- ભેળ<br>- ચાઈનીસ સમોસા<br>- વધારેલી ઈડલી<br>- પાપડી ચાટ<br>- આલુ ચાટ | ૧ પ્લેટના | ૫૫<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦<br>૪૦ |
| ૮ | **સાઉથ ઈન્ડીયન**<br>-ઈડલી સંભાર સાથે<br>- સાદા ઢોંસા સંભાર સાથે<br>-મસાલા ઢોંસા સંભાર સાથે<br>- અન્ય પ્રકારના ઢોંસા<br>- પ્લેન ઉત્તપમા સંભાર સાથે<br>-ઓનીયન ઉત્તપમા | ૧ પ્લેટના | <br>૪૦<br>૫૦<br>૬૦<br>૬૫<br>૫૦<br>૫૦ |
| ૯ | **સેન્ડવીચ/પફ**<br>- બ્રેડ બટર<br>- બ્રેડ જામ<br>- આલુમટર<br>- વેજીટેબલ<br>- ચીઝ સેન્ડવીચ<br>- ચીઝ ચટની સેન્ડવીચ<br>- વેજ ગ્રીલ સેન્ડવીચ<br>- ચીઝ ગ્રીલ સેન્ડવીચ<br>- વેજ ચીઝ ગ્રીલ સેન્ડવીચ<br>- કલબ સેન્ડવીચ<br>- બટર મસ્કાબન<br>- બટર જામ મસ્કાબન<br>- પફ<br>- ચીઝ પફ<br>- વડા પાંઉ<br>- દાબેલી<br>- પીઝા(૬ ઈચ વ્યાસ) | <br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક | <br>૩૦<br>૩૦<br>૩૫<br>૩૫<br>૪૫<br>૫૦<br>૫૦<br>૬૦<br>૬૦<br>૮૫<br>૨૫<br>૩૦<br>૩૦<br>૩૫<br>૩૦<br>૨૫<br>૭૦ |
| ૧૦ | **પુરી-શાક/પરોઠા શાક** | | |

| | | | |
|---|---|---|---|
| | (૭ નંગ પુરી / ૩ પરોઠા ૧૦૦ ગ્રામ શાક આપવામાં આવશે.)<br>- વેજી.પુલાવ<br>- ભાજીપાંઉ | | ૫૦<br>૫૦<br>૫૦ |
| ૧૧ | - ફીકસ લંચ / ડીનર (દાળ-ભાત,શાક, કઠોળ, રોટલી(૫),કચુંબર, પાપડ, આચાર) | | ૬૫ |
| ૧૨ | -મેગી<br>- ચાઈનીઝ નુડલ્સ, ફ્રાઈડ રાઈસ, ઈડલી ચીલ્લી, ફ્રેન્કી<br>- મન્ચુરીયન નુડલ્સ , ચાઈનીસ ભેળ | | ૩૫<br>૫૦<br>૫૦ |

આ ઉપરાંત બીજી કોઈ આઈટમ કોન્ટ્રાક્ટર આપવા માંગતાં હોય તો તેના ભાવ જણાવવા.

૬) પેકિંગમાં વેચાણમાં આવતી ખાદ્યપદાર્થોની વસ્તુ જે તે પ્રોડકટ ઉપર છાપેલા ભાવ મુજબ લેવા રહેશે.

૭) સરકારશ્રી દ્વારા પ્રતિબંધિત કરેલ પ્લાસ્ટીકની ચીજવસ્તુઓનો ઉપયોગ થાય તેવા ખાદ્યપદાર્થોનું વેચાણ કરી શકાશે નહી.

૮) ભવિષ્યમાં સરકારશ્રી તરફથી જે-તે વસ્તુઓના વેચાણ પર પ્રતિબંધ કરવામાં આવે તેવી ચીજવસ્તુઓનું વેચાણ કરી શકાશે નહી.

૯) કરાર સમય દરમ્યાન ભાવોમાં વધઘટ કરી શકાશે નહીં.

૧૦) વધારાની કઈ સગવડો તેઓ સંસ્થાના વિદ્યાર્થીઓને આપી શકે તે છે તેની વિગતઃ

૧૧) બે પ્રમાણપત્રો સામેલ કરવા જરુરી છે. અગાઉ અગર હાલમાં કોન્ટ્રાકટર તરીકે હોય તે તે સંસ્થાનું પ્રમાણપત્ર અવશ્ય સામેલ કરવું. :
૧.
૨.

૧૨) વિશેષ જે કોઈ માહિતી આપવી હોય તે :

તારીખ : કોન્ટ્રાકટરની સહી

ટેન્ડરરની સહી અને સિક્કો

# એ.એમ.સી.ડેન્ટલ કોલેજ

**ખોખરા, અમદાવાદ-૩૮૦ ૦૦૮**

## એ.એમ.સી.ડેન્ટલ કોલેજ મેસ / કેન્ટીનની સામાન્ય માહિતી તેમજ શરતો નીચે મુજબ છે.

૧) મેસ / કેન્ટીન રવિવાર સિવાયના તમામ દિવસોએ સવારના ૮.૦૦ થી સાંજના ૯.૦૦ કલાક સુધી ચાલુ રાખવાની રહેશે. મેસ / કેન્ટીનના સમય દરમ્યાન જરુર જણાતા ડીનશ્રીની સુચના અનુસાર ફેરફાર કરવાનો રહેશે.

૨) મેસ / કેન્ટીનમાં વપરાશમાં લેવામાં આવતી ઈલેક્ટ્રીક લાઈટો, પંખા, વોટર કુલર સંસ્થા તરફથી વપરાશ માટે પુરા પાડવામાં આવશે. ઈલેક્ટ્રીક બીલ ભરવાની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

૩) સંસ્થા તરફથી વિદ્યાર્થીઓને બેસવા માટેનો ફર્નીચર તથા પાણીની સગવડ પુરી પાડવામાં આવશે. (અસામાન્ય સંજોગોમાં લાયસન્સીએ પાણીની સગવડ સ્વયંભૂ કરવાની રહેશે.

૪) કોન્ટ્રાક્ટરે જે-તે માસના ભાડા પેટે ડી.ડી./ઈ.સી.એસ. થી જમા કરાવવાનું રહેશે તથા જે તે માસનું ભાડુ / પ્રિમીયમ માસની ૧ થી ૧૦ તારીખમાં ભરવાનુ રહેશે. જો તેમાં કસૂર થશે તો ૧૦ તારીખ બાદ પેનલ્ટી પેટે એક દિવસના રૂા.૨૫૦/- લેખે ભરવાના રહેશે. તથા જો પેનલ્ટી ભરવામાં ના આવે તો તે ડિપોઝીટમાંથી જપ્ત કરવામાં આવશે.

૫) લાઈસન્સીએ જરૂરીયાત મુજબ ડીનશ્રીની સુચના અનુસાર અઠવાડિયાનું મેનુ બનાવવાનું રહેશે.

૬) લાઈસન્સીએ સંસ્થા સાથે મેસ / કેન્ટીન કોન્ટ્રાકટથી ચલાવવા જરુરી ભાડા પેટે કરાર કરવાનો રહેશે.

૭) ટેન્ડર એવોર્ડ કરવાની પધ્ધત્તિ નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિગત | સમયગાળો / ટર્નઓવર | માર્કસ |
|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક સંસ્થાઓમાં કેન્ટીન / મેસ ચલાવવાનો અનુભવ (સર્ટીફિકેટના આધારે જ) | ૧ વર્ષથી ઓછો | ૨ |
| | | ૧-૩ વર્ષ | ૪ |
| | | ૩-૫ વર્ષ | ૬ |
| | | ૫ વર્ષથી વધુ | ૧૦ |
| ૨. | મેડિકલ / ડેન્ટલ કોલેજમાં મેસ / કેન્ટીન ચલાવવાનો અનુભવ | ૧ વર્ષથી ઓછો | ૨ |
| | | ૧-૩ વર્ષ | ૪ |
| | | ૩-૫ વર્ષ | ૬ |
| | | ૫ વર્ષથી વધુ | ૧૦ |
| ૩. | વાર્ષિક ટર્નઓવર (ઈન્કમટેક્ષ રીટર્ન્સના આધારે) | ૨૦ લાખથી ઓછું | ૨ |
| | | ૨૦-૩૦ લાખ | ૪ |
| | | ૩૦-૪૦ લાખ | ૬ |
| | | ૪૦ લાખથી વધુ | ૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૪. | અગાઉ બ્લેકલીસ્ટ કરવામાં આવેલ / લીટીગેશન હીસ્ટ્રી હોય તો | હા | ૦ |
| | | ના | ૨ |
| ૫. | ફુડ ક્વોલીટી અને સ્વાદ, મેસ / કેન્ટીન એરીયાની સ્વચ્છતા અંગે, સ્ટોરેજ, સ્ટાફની સંખ્યા, વર્તણૂક તથા યુનિફોર્મ, કચરાનો નીકાલની વ્યવસ્થા અંગે મેસ / કેન્ટીન કમીટી/સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મૂલ્યાંકન | ઠીક | ૨ |
| | | સરસ | ૪ |
| | | ખૂબ સરસ | ૬ |
| | | ઉત્તમ | ૧૦ |

**દરેક ટેન્ડર ભરનાર માટે ઉપરોકત માર્કિંગ સીસ્ટમ અનુસાર ગુણાંકન કરવામાં આવશે.**

**ગુણાંકનના આધારે કવોલિફાઇ થનાર ટેન્ડરરના ભાવ પત્રકો ખોલવા અંગેનો નિર્ણય લેવામાં આવશે.**

**ભાવ પત્રકો ખોલ્યા બાદ, ટેન્ડરર દ્વારા ભરવામાં આવેલ ઉપરોકત ગુણાંકનમાં મેળવવામાં આવેલ ગુણ નાં ૭૦% માર્ક તથા ફાઈનાન્શિયલ બીડના ૩૦% માર્ક, આમ ૧૦૦% માર્ક ગણવામાં આવશે.**

**સદર ભરેલ ટેન્ડર તા.૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં મળી જાય તે રીતે રજી.પોસ્ટ, સ્પીડ પોસ્ટ, રુબરુથી ટેન્ડર ડીનશ્રી, એ.એમ.સી.ડેન્ટલ કોલેજ, ભાલકીયા મીલ કંપાઉન્ડ, અનુપમ સિનેમા સામે, ખોખરા, અમદાવાદ-૩૮૦૦૦૮ની વહિવટી ઓફિસમાં મોકલી આપવાના રહેશે. ટેન્ડર ફી તથા અર્નેસ્ટમની સિવાયનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ અને જો સ્વીકારેલ હશે તો રદબાતલ ગણવામાં આવશે તેમજ ટેન્ડર કવર ઉપર ટેન્ડરની વિગત સ્પષ્ટ શબ્દોમાં જણાવવાની તથા ટેન્ડર ઓપનીંગની તારીખ તથા સમય લખવાનો રહેશે. ટેન્ડર ફી તથા ટેન્ડરની અર્નેસ્ટમની પેટે ડીમાન્ડ ડ્રાફ્ટ <u>"એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ"</u> ના નામનો ટેન્ડર સાથે મોકલવાનો રહેશે.**

**તારીખ :** **કોન્ટ્રાકટરની સહી**

**ટેન્ડરરની સહી અને સિક્કો**

BHALAKIA MILL COMPOUND, KHOKHRA, AHMEDABAD - 380 008
PHONE:- 079 - 22932501, 22934301 FAX:- 079- 22935078
Email:- deanamcdental@gmail.com, adamcdentalcollege@gmail.com
Web Site:- www.amcdentalcollege.edu.in, www.amcmet.org, www.ahmedabadcity.gov.in

# એ.એમ.સી.ડેન્ટલ કોલેજ

## ખોખરા, અમદાવાદ-૩૮૦ ૦૦૮

# પરિશિષ્ઠ-ક શરતો

૧. ટેન્ડર ભરવા માટે કોન્ટ્રાક્ટ યુ.જી. ની ૧૦૦ કરતાં વધારે સીટ પ્રતિ વર્ષ ધરાવતી શૈક્ષણિક સંસ્થામાં કોલેજની મેસ / કેન્ટીનની કામગીરી કરેલ હોય તે જ કોન્ટ્રાક્ટના ટેન્ડરને માન્ય ગણવામાં આવશે.

૨. ટેન્ડર ભરવા માટે ફાઈનાન્શિયલ બીડની રકમ ઓછામાં ઓછી રૂા.૩૪,૦૦૦/- + ટેક્સ કોલેજની મેસ/ કેન્ટીનની ભરવાની રહેશે.

૩. સદરહુ કોલેજની મેસ/કેન્ટીન રાખનારે ઓફર કરાયેલ અને મંજૂર થયેલ માસિક લાયસન્સ ફી મુજબની મેસ/ કેન્ટીન માટે ૬ (છ) માસની રકમ સિક્યુરિટી ડીપોઝીટ (વગર વ્યાજે) તરીકે આપવાના રહેશે.

૪. મેસ / કેન્ટીનની જગ્યાના ઉપયોગ માટેની લાયસન્સ ફી દર માસની ૧ થી ૧૦ તારીખમાં આપવાની રહેશે. જો લાયસન્સ ફી સમયસર જમા કરવામાં નહી આવે તો, અગાઉથી કોઈપણ પ્રકારની જાણ કર્યા સિવાય કેન્ટીન / મેસનો કબજો પરત મેળવવામાં આવશે.

૫. જો કોન્ટ્રાક્ટર દ્વારા ઈલેક્ટ્રીક બીલ ટાઈમ પર ભરવામાં ન આવે તો બીલની રકમના ૫% પેનલ્ટી પેટે પ્રતિ માસ ચુકવવાના રહેશે. તથા જો ૨ માસનું ઈલેક્ટ્રીક બીલ કોન્ટ્રાક્ટર દ્વારા ભરવામાં નહિ આવે તો તેમનો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે અને ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૬. મેસ / કેન્ટીનની જગ્યા લાયસન્સી તરીકે આપવામાં આવશે અને તે ડીનશ્રી, એ.એમ.સી.ડેન્ટલ કોલેજની લેખિત સંમતિ વગર કોઈને ટ્રાન્સફર થઈ શકશે નહિ.

૭. મેસ / કેન્ટીનમાં નકકી થયા મુજબની આઈટમો/વાનગીઓ દૈનિક જરુરી જથ્થામાં રાખવાની રહેશે. સદરહુ વાનગીઓ ઉચ્ચ ગુણવત્તાવાળી, સારી કક્ષાની તેમજ સ્વચ્છ વાસણ પ્લેટમાં કર્મચારી સ્ટાફને આપવાની રહેશે. વાનગી બનાવટ અંગે ડીનશ્રીની સુચના અનુસાર કરવાની રહેશે તથા ડીનશ્રીનો નિર્ણય આખરી ગણવાનો રહેશે.

૮. મેસ / કેન્ટીન અંગેની કાયદાકીય જોગવાઈ જેવી કે ફૂડ સેફટી એક્ટ, ફેકટરી એકટ, પ્રો.ફંડ એકટ, બોનસ એકટ, ઈ.એસ.આઈ.એકટ વિગેરે જેવી કે અન્ય તમામ કાનુનોનું બરાબર પાલન કરવાની સંપૂર્ણ જવાબદારી મેસ / કેન્ટીન લાયસન્સીની (કરાર મેળવનાર) રહેશે. આ બાબતોમાં કોઈ કાનુન ભંગ થયેલ હશે તેના કારણે કોઈ દંડ કે અન્ય જવાબદારી ઉપસ્થિત થશે તો તે રકમ કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવામાં આવશે. જે તે અંગે કોઈ કાનૂની કે સરકારી કાર્યવાહી કરવાની થશે તે કરવાની જવાબદારી કેન્ટીન / મેસ લાયસન્સીની (કરાર મેળવનાર) રહેશે.

૯. કેન્ટીન / મેસ માટેની જરુરી પરમીટ / હેલ્થ લાયસન્સ વગેરે મેળવવાની જવાબદારી લાયસન્સીની રહેશે.

૧૦. સદરહુ મેસ / કેન્ટીનની જગ્યા આગળ તથા અંદર કોઈ પણ જાતની ગંદકી ન થાય અને સાફસુફી રહે તે પ્રમાણેની વ્યવસ્થા લાયસન્સીએ રાખવી પડશે અને તે વ્યવસ્થા આધુનિક ઢબે રાખવી પડશે.

૧૧. અનિવાર્ય સંજોગોમાં પાણીની વ્યવસ્થા લાયસન્સીએ પોતે કરવાની રહેશે. જેનો ખર્ચ જે તે લાયસન્સીએ ભોગવવાનો રહેશે. જે અંગેનો કોઈપણ પ્રકારનો ખર્ચ માંગી શકાશે નહી.

૧૨. સદરહુ મેસ / કેન્ટીનના નોકરોના પોષાક-યુનિફોર્મ સ્વચ્છ, કર્મચારી સામે વિવેકભરી વર્તણૂંક અને મેસ / કેન્ટીનની વ્યવસ્થા આકર્ષાય તેવી કરવી પડશે.

૧૩. કોન્ટ્રાક્ટરે મેસ / કેન્ટીનમાં ઓનલાઇન પેમેન્ટની સુવિધા રાખવાની રહેશે.

૧૪. દરેક શરતોનું પાલન બાબતમાં ડીનશ્રીનો નિર્ણય માન્ય આખરી રહેશે..

૧૫. શૈક્ષણિક સંસ્થાઓમાં મેસ / કેન્ટીન ચલાવવાનો અનુભવ જરુરી છે. મેડીકલ / ડેન્ટલ કે અન્ય કોલેજોમાં મેસ / કેન્ટીન ચલાવનારને પ્રથમ પસંદગી આપવામાં આવશે. ટેન્ડર સાથે અનુભવ અંગેના સંસ્થાના વડા પાસેથી મેળવેલ સર્ટીફીકેટ સામેલ કરવા ફરજીયાત છે.

૧૬. મેસ / કેન્ટીન કોન્ટ્રાકટર અધવચ્ચે મેસ / કેન્ટીન ચલાવવાનું બંધ કરી શકશે નહી તેમજ કોન્ટ્રાકટ કરેલ સમય માટે મેસ / કેન્ટીન ચલાવવાની રહેશે. જો મેસ / કેન્ટીન કોન્ટ્રાકટર અધવચ્ચે મેસ / કેન્ટીન ચલાવવાનું બંધ કરશે તો તેની ડીપોઝીટની રકમ જપ્ત કરી કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

૧૭. મેસ / કેન્ટીન કોન્ટ્રાકટર પાસે જે કાંઈ એ.એમ.સી.ડેન્ટલ કોલેજનું લેણું હશે તે પ્રથમ એ.એમ.સી.ડેન્ટલ કોલેજમાં જમા કરાવવાનું રહેશે. કોઈ લેણાની રકમ જમા કરાવશે નહિ તો તેવા સંજોગોમાં તેમના વાસણો કે અન્ય વસ્તુઓ એ.એમ.સી.ડેન્ટલ કોલેજ જપ્ત કરી શકશે તે અંગે કોઈ તકરાર કે કોર્ટ કેસ કરી શકશે નહીં.

૧૮. સદરહુ કરારની મુદત ત્રણ વર્ષની રહેશે. જેમાંથી પ્રથમ ૩ માસ પ્રોબેશન પીરીયડ રહેશે. ૩ માસના સંતોષકારક કામ બાદ કોન્ટ્રાક્ટની ૧ (એક) વર્ષ એટલે કે ૯ મહિનાની મુદત વધારવામાં આવશે. તથા ત્યારબાદ સંતોષકારક કામગીરી જણાશેતો કોન્ટ્રાક્ટ બીજા ૨ (બે) વર્ષ માટે આપવામાં આવશે. કરારના સમયગાળા દરમ્યાન કયારેક પણ જો કોન્ટ્રાક્ટરની મેસ / કેન્ટીન ચલાવવા બાબતની કામગીરી માટે અસંતોષ થાય તો એક માસની નોટીસ આપી સદરહુ કરાર રદ કરી શકાશે અને મેસ / કેન્ટીનનો કબ્જો પરત લઇ શકાશે.

૧૯. ઈ.એમ.ડી. રીફન્ડ બાબતે કંપનીનો બેંક ખાતા નંબર, બેંકનું નામ, બ્રાન્ચનું નામ, બેંકનો માઈકર નંબરની વિગત ટેન્ડર ફોર્મ સાથે સામેલ કરવાના રહેશે.

૨૦. સદરહુ મેસ / કેન્ટીન પ્રિમાઈસીસને કોઈપણ જાતનું નુકશાન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે અન્યથા નુકશાનીનો ડીનશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ ખર્ચ ઈજારદારે ભરપાઈ કરવાનું રહેશે તેમજ મેસ / કેન્ટીનમાં કોઈપણ ગેરકાનૂની પ્રવૃત્તિ કરવી નહિ/ કરાવવી નહિ. જો કોઈ આવી પ્રવૃત્તિ જાણમાં આવશે તો તેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને કરાર રદ બાતલ કરવામાં આવશે અને ડીપોઝીટની રકમ જપ્ત કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. લાયસન્સી (કરાર મેળવનાર) ના કોઇપણ કર્મચારી / નોકરો / વ્યક્તિઓ મેસ / કેન્ટીનમાં વસવાટ કરી શકશે નહી.

૨૧. ટેન્ડર ભરનારે આ સાથે સામેલ નમૂના મુજબની બ્લેક લીસ્ટ/ ડીબાર ન થયા હોવા અંગેની એફીડેવીડ સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝડ કરીને રજૂ કરવાની રહેશે. જેના વગર ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.

૨૨. અન્ય કોઇ સંસ્થા કે જગ્યાએ બ્લેક લીસ્ટ / ડી બાર થયેલ એજન્સી અત્રેની ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઇ શકશે નહીં. તદ્ઉપરાંત આવી કોઇ એજન્સી નામ બદલીને અત્રેની ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેશે અને ધ્યાન પર આવશે તો તેનું ટેન્ડર રદ બાતલ ગણવામાં આવશે. અગાઉ બ્લેક લીસ્ટ કે ડી બાર થયેલ કોઇ એજન્સીના પ્રોપરાઇટર / પાર્ટનર / ડીરેકટર / સંચાલક કે અન્ય હોદ્દેદાર ટેન્ડર ભરનાર એજન્સી સાથે સંકળાયેલ હશે તો પણ તેનું ટેન્ડર રદ બાતલ ગણવામાં આવશે.

૨૩. કરારના સમય દરમ્યિાન ટેન્ડર ભરનાર સદરહુ કામગીરી અન્ય કોઈને સબલેટ / આઉટસોર્સ કરી શકશે નહીં અને જો તેમ કરેલ હોવાનું જણાઇ આવશે તો તાકીદની અસરથી કરાર રદ કરવામાં આવશે.

૨૪. કોઈપણ કાયદાકીય બાબત અંગે **Subject to Ahmedabad jurisdiction** રહેશે.

તારીખ : કોન્ટ્રાકટરની સહી

ટેન્ડરરની સહી અને સિક્કો

# એ.એમ.સી. ડેન્ટલ કોલેજ

## (Rs. 300/- Stamp paper)

અમોએ એ.એમ.સી. મેડિકલ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા બહાર પાડવામાં આવેલ "એ.એમ.સી.ડેન્ટલ કોલેજની મેસ / કેન્ટીન ''લીવ એન્ડ લાયસન્સ'' કોન્ટ્રાકટથી ચલાવવા" ભરેલ છે અને તે બાબતે સોગંદપૂર્વક ખાત્રી આપીએ છીએ કે, અમારી એજન્સી અગાઉ કોઇ સંસ્થા / જગ્યાએ બ્લેક લીસ્ટ કે ડી બાર થયેલ નથી. વધુમાં ખાત્રી આપતા અમો / હું જણાવીએ છીએ કે અગાઉ બ્લેક લીસ્ટ કે ડી બાર થયેલ કોઇ એજન્સીના પ્રોપરાઇટર / પાર્ટનર / ડીરેકટર / સંચાલક કે અન્ય હોદ્દેદાર ટેન્ડર ભરનાર સદરહુ એજન્સી સાથે સંકળાયેલ નથી.

સંસ્થાના વડાની સહી :

સંસ્થાનો સિક્કો :

નોટરીના સહી - સિક્કા

ટેન્ડરરની સહી અને સિક્કો

## (ફાયનાન્સીયલ બીડ)

(૧) નીચે જણાવેલ જગ્યા માટેની મેસ /કેન્ટીન લીવ એન્ડ લાયસન્સ ધોરણે, ભાવપત્રકમાં દર્શાવેલ ચીજવસ્તુઓની તેની સામે દર્શાવેલ જથ્થો અને ભાવ પ્રમાણે માસિક લાયસન્સ ફી ભરી ચલાવવા માટે હું / અમે તૈયાર છું / છીએ.

| ક્રમ | જગ્યાનું નામ | ઓફર કરેલ માસિક લાયસન્સ ફી મીનીમમ રૂા.૩૪,૦૦૦/- (કોલેજની મેસ/કેન્ટીન માટે) |
|---|---|---|
| ૧ | એ.એમ.સી.ડેન્ટલ કોલેજની મેસ / કેન્ટીન | |

(૨) સદરહુ ટેન્ડરની તમામ શરતોનું પાલન કરવાની હું સોગંદપૂર્વક ખાતરી આપું છું.

તારીખ : કોન્ટ્રાકટરની સહી

ટેન્ડરરની સહી અને સિક્કો